Shri Mehsana Prant Jain Dasha Shrimali Gnyati Mandal - Shreemati Saraswatiben Ramanlal Shah Sanskrutik Bhavan, Nr. Godawari Dehrasar, Vasna, Ahmedabad-380007.

શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મંડળ - અમદાવાદ (ટ્રસ્ટ રજી.નં. ઈ-૩૩૦૩, તા.૨૩-૮-૭૮) સંચાલિત

# પરિવાર પત્રિકા

PARIVAR PATRIKA (Gujarati Monthly) (ગુજરાતી માસિક)

Year - 22 ● Issue No. - 259 ● 1st April 2025 Price Rs. 2/- ● Pages-16

"સમય" કોઈનો સગો થતો નથી અને "સગા" બધા સમય જોઈને થાય છે.

જાગૃતિ ● માહિતી ● પ્રવૃત્તિ ● પ્રગતિ

**પરિવાર પત્રિકાના કાયમી મુખ્ય સૌજન્યદાતા**

સ્વ. શ્રી જશવંતલાલ ચીમનલાલ શાહ......(રણુંજ)
સ્વ. વર્ષાબેન દિલીપભાઈ શાહ.........(ભાલક)

**કાયમી સહાયક દાતા**

સ્વ. વિમળાબેન રસીકલાલ શાહ......(લણવા/પુના)

**પરિવાર પત્રિકા સંપાદન સમિતિ**

સંપાદક : બકુભાઈ સી. ગાંધી 98250 96444
સહ સંપાદક : રમેશભાઈ સી. શાહ 94263 84275

વિજયભાઈ કે. શાહ............(બોરીયાવી) 9998602896
ભાઈલાલભાઈ એન. ગાંધી.........(સમોડા) 9925722324
ભાવેશભાઈ એન. શાહ.............(ભાલક) 9427702080
જશવંતભાઈ પી. શાહ..............(ભાલક) 9974716584
સંદિપભાઈ એસ. શાહ.........(બોકરવાડા) 9825787549

**મેનેજીંગ ટ્રસ્ટી**

બકુભાઈ સી. ગાંધી (સમોડા) 98250 96444

**પરિવાર પ્રકાશન કાયમી સૌજન્ય**

શ્રી સેવંતીલાલ છબીલદાસ શાહ પરિવાર.............(ભાલક)
સ્વ. શ્રી નટવરલાલ મણીલાલ શાહ................. (ભાલક)
સ્વ. જેઠાલાલ મોહનલાલ શાહ...................... (ખરોડ)
સ્વ. ચીનુભાઈ મણીલાલ શાહ................... (પિંઢારપુરા)
સ્વ. શ્રી બાબુલાલ અંબાલાલ શાહ...................(મોટપ)
સ્વ. શ્રી અમૃતલાલ ઠાકરશી શાહ................ (મોટી દેઉ)
સ્વ. શ્રી પુનમચંદ ઉત્તમચંદ શાહ.................... (લણવા)
સ્વ. શ્રી બાબુલાલ કસળચંદ શાહ................. (વડાવલી)
શ્રીમતી પદ્માબેન રમણલાલ શાહ. .................... (મોટપ)
સ્વ. બિહારીભાઈ ચીમનલાલ મોદી................(મહેસાણા)
શ્રી નટવરલાલ તલકચંદ શાહ..................... (દેલોલી)
શ્રી ચંપકલાલ મંગળદાસ શાહ......................(મગુના)
શ્રીમતી પન્નાબેન અશ્વિનકુમાર ગાંધી............. (સમોડા)
સ્વ. સુબોધચંદ્ર મણીલાલ શાહ...................... (મણુંદ)
સ્વ. કાન્તાબેન રસીકલાલ શાહ................. (વિસનગર)
સ્વ. કમળાબેન ચીમનલાલ શાહ......... (ઉનાવા/આંબેગામ)
સ્વ. લીલાવતીબેન સુમતીલાલ શાહ......... (સીનોલી/મણુંદ)
શ્રીમતી ચંદ્રિકાબેન નવીનચંદ્ર શાહ..............(લણવા)
શ્રી વિજયકુમાર કનુભાઈ શાહ................ (બોરીઆવી)
શ્રીમતી રંજનબેન મહેન્દ્રભાઈ શાહ.................(દેલોલી)
શ્રી નટવરલાલ મફતલાલ શાહ..................... (દેલોલી)
શ્રી ભોગીલાલ લીલાચંદ શાહ....................... (મોટપ)
સ્વ. ઈન્દીરાબેન શશીકાંત તિજોરીવાળા..... (લુણવા-મંડાલી)
સ્વ. ઉષાબેન નરેન્દ્રકુમાર હીંમતલાલ શાહ.......(બોકરવાડા)
શ્રીમતી વિમળાબેન નટવરલાલ શાહ..............(કમાણા)
સ્વ. વસુમતીબેન ઈશ્વરલાલ સોમચંદ શાહ.......... (ભાલક)
સ્વ. પુષ્પાબેન સુરેશચંદ્ર રસિકલાલ ગાંધી......(રણુંજ)
સ્વ. કંચનબેન હીંમતલાલ વાડીલાલ શાહ....(બોકરવાડા)
સ્વ. મહેન્દ્રકુમાર રતીલાલ શાહ (ચાવાળા)..........(સમોડા)

## શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મંડળ, અમદાવાદ

### પ્રગતિ અહેવાલ

વ્હાલા જ્ઞાતિજનો,

જેમ વ્યવસાયમાં માર્ચ એન્ડીંગમાં આવક-જાવક હિસાબોનું સરવૈયું કરીએ છીએ તેમ શું આપણે પુણ્ય અને પાપ કર્મોનો હિસાબ માંડીએ છીએ ખરા? આત્મ નિરીક્ષણ કરવા જેવું ખરું ને? આ ભવમાં પુણ્ય ઉપાર્જન કરીને આગામી ભવમાં પણ જૈનશાસનનું શરણ મળે તેવું કરીએ. ચિત્રા નક્ષત્ર ઉપરથી નામાભિધાન થયેલા આ ચૈત્ર માસમાં આવતી શાશ્વતી ઓળીમાં આયંબિલ તપ કરીને પાપ નિર્જરા કરી શકાય, પુણ્ય ઉપાર્જન કરી શકાય. આ ઓળીમાં આયંબિલ તપ કરનારા સૌ તપસ્વીઓની અમે ખૂબ અનુમોદના કરીએ છીએ.

એપ્રિલ-૨૦૨૪ થી માર્ચ-૨૦૨૫ સુધીનો લાભ ભાલકના પુત્રવધૂ શ્રીમતી સરોજબેન મુકેશભાઈ શાહે તેમના માતા-પિતા સ્વ.શ્રી વિમળાબેન અને સ્વ.શ્રી રસિકલાલ ચીમનલાલ શાહ (લણવા-અમદાવાદ)ના આત્મશ્રેયાર્થે લાભ લીધેલો. અમદાવાદ જ્ઞાતિમંડળ શ્રીમતી સરોજબેન મુકેશભાઈનો ખૂબ ખૂબ આભાર માને છે.

જોગાનુજોગ ઉપરોક્ત લાભ હવે એપ્રિલ-૨૦૨૫ થી માર્ચ-૨૦૨૬ સુધીનો લાભ ભાલકના જ પુત્રવધૂ શ્રીમતી હેમાબેન રાજેશભાઈ શાહે હેમાબેનના માતૃશ્રી સ્વ.શ્રી ઈન્દિરાબેન ચંદ્રકાન્તભાઈ શાહ (ગાંભુ-હાલ:પૂના)ના નામે લીધો છે. શ્રી હેમાબેને આ રીતે તેમના માતુશ્રી પ્રત્યેનું ઋણ અદા કર્યું છે તે ખરેખર ધન્યવાદને પાત્ર છે. અમદાવાદ જ્ઞાતિ મંડળ તેમનો ખૂબ ખૂબ આભાર માનીને આ સદ્ભાવનાની અનુમોદના કરે છે.

શ્રીમતી વર્ષાબેન દિલીપભાઈ શાહ (ભાલક) અને શ્રીમતી મંગુબેન ચંદુલાલ શાહ (વડાવલી)ના નામે કાયમી ધોરણે ચાલતી સાધર્મિક સહાય યોજના અંતર્ગત વર્ષમાં બે વખત સાધર્મિક પરિવારોને જીવનજરૂરી ખાદ્ય સામગ્રી આપવામાં આવે છે તેમાં લાભ લેવા જ્ઞાતિજનોને વિનંતી. તેની સાથે આપણી જ્ઞાતિના કોઈ વ્યક્તિને રોકડ રકમની સહાય (અનુકંપાદાન) આપીને સહભાગી થવાની ઈચ્છા હોય તો આપ ઉદારદિલ દાતાઓ દાન આપશો તેવી નમ્ર વિનંતી છે.

તા.૨૩-૦૨-૨૦૨૫, રવિવારે શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મંડળ, અમદાવાદે આપણી જ્ઞાતિના લોકલાડીલા શ્રી ઉર્મિલાબેનના પુનિત આત્માને સ્મૃતિવંદના સહ હ્રદયાંજલિ આપવાનો કાર્યક્રમ, જ્ઞાતિના સાંસ્કૃતિક ભવન, વાસણા ખાતે રાખેલ. નવકારમંત્ર અને સ્તવનોની સંગીતમય સુરાવલિ સાથે કાર્યક્રમનો પ્રારંભ થયો. આ પ્રસંગે મોટી સંખ્યામાં ઉપસ્થિત સમગ્ર જ્ઞાતિના આગેવાનો, મંડળના ટ્રસ્ટીગણ અને જ્ઞાતિજનોનું પ્રીતિબેને સ્વાગત કર્યું. મંડળના ટ્રસ્ટીશ્રી જશવંતભાઈ પી. શાહે ૨૫ વર્ષ સુધી મહિલા મંડળનું સફળ નેતૃત્વ કરનાર શ્રી ઉર્મિલાબેનની જીવન ઝરમરનો ચિતાર આપ્યો. મેનેજીંગ ટ્રસ્ટી શ્રી બકુભાઈ ગાંધીએ શ્રી ઉર્મિલાબેનની ખોટ જ્ઞાતિને સદાયે સાલશે તે દર્શાવી શ્રધ્ધાંજલિ આપી.

પ્રમુખશ્રી વિજયભાઈએ તેમના માટે માસીનું સંબોધન કરીને તેમની જીવનશૈલી અને સમાજસેવાને બિરદાવી. મંત્રીશ્રી ભાવેશભાઈ તથા મહેસાણા મંડળના પ્રમુખશ્રી જિતેન્દ્રભાઈએ તેમને સ્મરણાંજલિ આપી. મહિલા મંડળના સલાહકાર શ્રીમતી પ્રવીણાબેન ગાંધી તથા ઉપપ્રમુખ શ્રી દિપીકાબેને શ્રધ્ધાંજલિ આપી. મહિલામંડળના પ્રમુખશ્રી દેવલબેને માતૃવત્ શ્રી ઉર્મિલાબેનને અશ્રુભીની આંખે ભાવાંજલિ આપી. શ્રી ઉર્મિલાબેનના બાળપણથી સહાધ્યાયી એવા શ્રી

# પરિવાર પત્રિકા

સૌજન્ય દાતા
(જાન્યુઆરી-૨૫ થી ડીસેમ્બર-૨૫)



**સ્વ.કાન્તાબેન શશીકાન્તભાઈ ગાંધી**
(મોઢેરા) અમદાવાદ
જન્મ તા.૦૧-૦૬-૧૯૪૮ - સ્વ.તા.૧૦-૦૭-૨૦૨૩

પરમકૃપાળુ પરમાત્મા સદ્‌ગતના આત્માને
સાચી શાંતિ પ્રદાન કરે તેવી પ્રાર્થના

**સદ્‌ગતની સ્મૃતિમાં**

અલકા હિતેશકુમાર ગાંધી
હિતેશકુમાર બકુભાઈ ગાંધી
ચાર્મી હિતેશકુમાર ગાંધી
વિધિ હિતેશકુમાર ગાંધી

**સ્વ.કમળાબેન પોપટલાલ ગાંધી**
**સ્વ.પોપટલાલ મોહનલાલ ગાંધી**
પરિવાર તરફથી અમદાવાદ બહારના
ભારતમાં વસતા
તમામ જ્ઞાતિજનોને "પરિવાર પત્રિકા"
મોકલવામાં આવશે.

## મંડળની વિવિધ પ્રવૃત્તિઓ

- કેળવણી સહાય/ઉચ્ચ શિક્ષણ સહાય
- સાધર્મિક સહાય
- મેડિકલ સહાય
- મહિલા તત્કાલ સહાય
- શુભ લગ્ન આયોજન
- પરિવાર પત્રિકા
- તપસ્વી બહુમાન
- સમ્યગ્ જ્ઞાન પ્રસાર નિધિ
- મહિલા મંડળ

## પરિવાર શુભેચ્છક

સ્વ. સુભદ્રાબેન સેવંતીલાલ શાહ ....(બોકરવાડા)
શ્રી બંકિમકુમાર કાંતિલાલ શાહ .........(ઊંઢાઈ)
શ્રી જયંતિલાલ અંબાલાલ શાહ ..........(ઊંઢાઈ)
કંચનબેન ચીનુભાઈ તીજોરીવાળા (લુણવા-મંડાલી)
મધુબેન મહેન્દ્રકુમાર ડાહ્યાલાલ શાહ.....(મગુના)
સ્વ. શ્રી અંબાલાલ બુલાખીદાસ શાહ......(મણુંદ)
સ્વ. સવિતાબેન અંબાલાલ શાહ..........(મણુંદ)
સ્વ. શારદાબેન નરોત્તમદાસ શાહ.........(મણુંદ)
સ્વ. નીતાબેન પ્રમોદભાઈ શાહ..........(ખરોડ)

દક્ષાબેને શ્રધ્ધાંજલિ આપી. શ્રી ઉર્મિલાબેનના સુપુત્ર શ્રી નયનભાઈએ સજળનેત્રે માતૃપ્રેમનું સ્મરણ કર્યું. આ ઉપરાંત ઘણા હોદ્દેદારોએ શ્રધ્ધાંજલિ આપી.

ત્યારબાદ અમદાવાદ જ્ઞાતિમંડળ તરફથી શ્રી ઉર્મિલાબેનના પરિવારજનોને મોમેન્ટો અર્પણ કરવામાં આવ્યો, જેનું વાંચન શ્રી ભાવેશભાઈએ કર્યું. આ પ્રસંગે શ્રી ઉર્મિલાબેનના પરિવારે મહિલામંડળને રૂા.૫૦,૦૦૦/- નો ચેક તથા શૈક્ષણિક સહાયમાં રૂા.૫૦,૦૦૦/-નો ચેક અર્પણ કર્યો. સલાહકાર સભ્યશ્રી વિભાકરભાઈએ શૈક્ષણિકક્ષેત્રમાં રૂા.૨૧૦૦૦/-નો ચેક તથા મહિલામંડળને રૂા.૨૧૦૦૦/-નો ચેક અર્પણ કર્યો. તે ઉપરાંત શ્રી નયનભાઈના મિત્રશ્રી અપૂર્વભાઈએ મહિલામંડળને રૂા.૧૫૦૦૦/-નો ચેક આપ્યો.

અંતમાં પ્રમુખશ્રી વિજયભાઈએ આભારવિધિ કરી અને પછી ઉપસ્થિત સર્વ જ્ઞાતિજનોએ પરમાત્મા સદ્‌ગત શ્રી ઉર્મિલાબેનના પવિત્ર આત્માને ચિરશાંતિ અર્પે તેવી પ્રાર્થના કરી.

પરિવાર પત્રિકામાં ગત જુલાઈ-૨૦૨૪ના અંકમાં આપેલી જાહેરાત અનુસાર એક નવો વિભાગ શરૂ કરેલો છે, જેમાં ધંધાકીય, વ્યવસાયિક જાહેરાત માત્ર રૂા.૬૦૦/-માં આપી શકાય છે. તેની સાઈજ ૬ સે.મી. X ૯ સે.મી. રહેશે. વ્યવસાત કરતા સર્વે જ્ઞાતિબંધુઓને આ યોજનાનો લાભ લઈને સહકાર આપવા વિનંતી છે.

મેડીકલ સહાય સ્કીમ અંતર્ગત દર મહિને બે ગુરુવારે ડૉ.શ્વેતાબેન આર. શાહ હોમિયોપેથિક માર્ગદર્શન અને દવા નિ:શુલ્ક આપે છે. તેના મેસેજ સંસ્થા દ્વારા વોટ્સએપથી મોકલવામાં આવે છે. આ સેવાનો લાભ સૌએ લેવા વિનંતી છે.

સમ્યગ્જ્ઞાન પ્રસારનિધિ અંતર્ગત ધાર્મિક પાઠશાળા કાર્યરત છે. તો તેનો પણ લાભ લેવા જ્ઞાતિજનોને વિનંતી છે.

ભાવેશભાઈ એમ. શાહ- માનદ્મંત્રી ● રમેશભાઈ સી. શાહ-સહમંત્રી

## શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મહિલા મંડળ, અમદાવાદ

તા.૧૬-૦૪-૨૫
બુધવાર

સમય: બપોરના ૨-૦૦ થી ૫-૦૦
સ્થળ: જ્ઞાતિ હોલ.

**પ્રોગ્રામ : મેક ઈન રંગોળી**

તા.૧૬-૦૪-૨૫ને બુધવારના રોજ બપોરે ૨-૦૦ કલાકે રંગાળી કરતા શિખવાડવાનો પ્રોગ્રામ રાખેલ છે. જે મહિલામંડળના જ સભ્ય શ્રીમતી પ્રીતીબેન ભાવેશભાઈ શાહ (ભાલક) બધાને બેઝીક રંગોળી બનાવતા શીખવાડશે.

જેને પણ રંગોલી શિખવામાં રસ હોય તેમણે રંગોળી કરવા ચિરોડી રંગ સાથે લેતા આવવાનું રહેશે. આવનાર સભ્યો માટે રૂા.૨૦/- ટોકન રાખેલ છે.

(વય મર્યાદા: ૧૨ વર્ષથી ઉપરના)

સોનલબેન એસ. શાહ-મંત્રી ● પીન્કીબેન એસ. શાહ-સહમંત્રી



**ઈન્દિરાબેન ચંદ્રકાન્તભાઈ શાહ**
(ગાંભુ-હાલ:પૂના)
જન્મ તા.૨૨-૧૨-૧૯૪૮ ● સ્વ.૦૪-૧૦-૨૦૨૪

જેમ ગોળ વિના મોળો કંસાર,
તેમ "મા" વિના સૂનો સંસાર
પ્રભુએ વાત્સલ્ય અને
કરુણાનું ઝરણું જનનીમાં વહાવ્યું છે

હેમાબેન રાજેશકુમાર શાહ (ભાલક-અમદાવાદ)
રચના સંજયભાઈ શાહ (ગાંભુ-પૂના)

રોમીલ રાજેશકુમાર શાહ
અનાલી રોમીલ શાહ
કહાન, કીયાન

રીમા રવિકુમાર શાહ
રવિકુમાર વસંતભાઈ શાહ
રીવા

# શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મંડળ, અમદાવાદ

**અમદાવાદ મહિલા મંડળના ફાઉન્ડર, પ્રમુખ અને સલાહકાર તરીકે અવીરત જીવન પર્યંત સેવાઓ આપનાર શ્રી ઉર્મિલાબેન હસમુખભાઈ શાહ (ઉનાવા) ના દુઃખદ અવસાન નિમિત્તે રાખેલ શ્રધ્ધાંજલી સભા તા.૨૩-૦૨-૨૦૨૫, રવિવાર રાખેલ, તેની ઝલક આપતી તસ્વીરો.**














## સંપાદકિય

# દરેક પરિસ્થિતિમાં શાંત રહેવાની કળા

આજકાલ બાળક નાનું હોય છે, ત્યારથી તેને વિવિધ પ્રકારની કળાઓ શીખવા જુદા જુદા વર્ગોમાં મોકલવામાં આવે છે. પરંતુ ક્યાંય 'દરેક પરિસ્થિતીમાં શાંત કેવી રીતે રહેવું' એ અંગેનો વર્ગ જોવા મળતો નથી. આથી મનુષ્યો જીવનની નિશાળમાં પડતાં, આખડતાં, ભાંગી પડતાં, નિરાશ થતા થતા આ કળા પોતાની જાતે શીખે છે. પરંતુ તેમાં જીવનનો ઘણો મોટો ભાગ ખર્ચાઈ જાય છે. આથી નાનપણમાં જ બાળકને દરેક પરિસ્થિતીમાં સ્વસ્થ રહેતાં શીખવવામાં આવે તો તે પોતાના જીવનનો ઘણો ઝડપી વિકાસ કરી શકે છે.

પ્રત્યેક મનુષ્યના જીવનમાં મુશ્કેલીઓ અને સંઘર્ષ તો આવવાના જ. કેમ કે જીવન એટલે જ સંઘર્ષ. સ્વામી વિવેકાનંદ જીવનની પરિભાષા આપતાં



કહે છે કે "જીવન એટલે કચડી નાંખવા મથતા સંજોગો વચ્ચે થતો વ્યક્તિત્વનો વિકાસ" વિપરીત સંજોગોથી જેઓ હતાશ અને નિરાશ થઈ જાય છે, તેઓ જીવનમાં આગળ વધી શકતા નથી. આથી દરેક પ્રકારના સંજોગોમાં મનને સ્વસ્થ રાખીને જેઓ કાર્ય કરતાં રહે છે, તેઓ જ જીવનના યુદ્ધમાં વિજયી બને છે. જીવનના દરેક પ્રકારના સંજોગોમાં સ્થિર કેવી રીતે રહેવું?

દુ:ખમાં જેને ઉદ્વેગ નથી અને સુખની જેને સ્પૃહા નથી, તથા રાગ, ભય અને ક્રોધ જેના છૂટી ગયા છે, એવો તે સ્થિર બુદ્ધિ વાળો કહેવાય છે. સ્થિર બુદ્ધિવાળો મનુષ્ય જ સર્વ પરિસ્થિતીમાં ક્ષમતા જાળવી શકે. શાંત અને સ્થિર રહી શકે. જ્યાં સુધી મનુષ્યની બુદ્ધિ સ્થિર થતી નથી, ત્યાં સુધી તેને શાંતિ મળતી નથી અને અશાંત મનુષ્યને કદી સુખ મળતું નથી. આથી સાચું સુખ અને શાંતિ જો મનુષ્યે મેળવવાં હોય તો તેણે સ્થિતપ્રજ્ઞ બનવું પડે. તો પ્રશ્ન એ થાય છે કે સ્થિતપ્રજ્ઞ કેવી રીતે બની શકાય? સ્થિતપ્રજ્ઞ બનવા માટે સ્થિતપ્રજ્ઞનાં જે લક્ષણો છે, તે લક્ષણોનું જીવનમાં આચરણ કરતાં કરતાં જ મનુષ્ય સ્થિતપ્રજ્ઞ બની શકે. ફક્ત આ લક્ષણો જેવાં કે દુ:ખમાં ઉદ્વેગ નહીં, સુખની સ્પૃહા નહીં, રાગ, ભય અને ક્રોધથી મુક્તને જાણવાથી સ્થિતપ્રજ્ઞ બની શકાતું નથી. એ રોજિંદા જીવન વ્યવહારમાં જીવાય ત્યારે જ સ્થિતપ્રજ્ઞ બનાય છે.

દુ:ખ અને વિપત્તિ આવે છે, ત્યારે ખરેખર મનુષ્યને એમ જ લાગે છે કે તેના ઉપર જાણે દુ:ખનો ડુંગર તૂટી પડ્યો છે. અને તે એના ભાર નીચે ચગદાઈ રહ્યો છે, ગુંગળાઈ રહ્યો છે. આ પરિસ્થિતીમાં માણસ વ્યગ્ર બની જાય છે. આમ તેમ દોડાદોડી કરવા લાગે છે. પણ શાંત અને સ્થિર રહી વિપત્તિ અને મુશ્કેલીઓની સામે અડગ ઊભા રહીને સામનો કરતાં મુશ્કેલીઓ ચાલી જાય છે.

"કોઈ પણ મુશ્કેલી આવે તો તેનાથી ડરીને ભાગવું નહીં, પણ હિંમતપૂર્વક તેની સામે થવું." ખરેખર મુશ્કેલીઓની સામે જેઓ અડગ રહી શકે છે, તેમની સામે મુશ્કેલીઓનું જોર ઓછું થઈ જાય છે.

જ્યારે જ્યારે જીવનમાં વિષમમાં વિષમ પરિસ્થિતી આવે, ત્યારે ભાંગી પડવા કરતાં એ યાદ રાખવું જોઈએ કે "આ મુશ્કેલી પણ જશે."

આ ઉપરાંત જે કંઈ થાય છે, તે બધું જ ભગવાનની ઈચ્છાથી થાય છે. ભગવાન મંગલમય છે. બધાનું મંગલ કરી રહ્યા છે. એમની ઈચ્છા માનીને આવેલી દુ:ખદાયી પરિસ્થિતીને પણ જો સ્વીકારી લેવામાં આવે તો પછી એ પરિસ્થિતી દુ:ખદાયી રહેતી નથી.

બકુભાઈ સી. ગાંધી (સમોડ)-સંપાદક • રમેશભાઈ સી. શાહ(કમાણા)-સહ સંપાદક

## અંતર મહીં મારું ગામડું

તણખલાં ભેગા કરી પંખી સમું
એક ઘર બનાવ્યું છે...
બહારથી સાવ નાનું ,પણ..
અંદરથી મોટું રાખ્યું છે.

માળિયું, ઓટલો ને ઉંબરો તો,
ગામડે જ રહી ગયાં...!!!
પાણીયારાની જગ્યાએ એક
આર.ઓ. લગાવ્યું છે...!!!

તમે જ કહો આ ત્રીજા માળે
ફળિયું ક્યાંથી લાવવું.???
એટલે લિવિંગ રૂમમાં,
ફળિયાનું એક ચિત્ર ટાંગ્યું છે.!!!

એમાં ઓશરી નથી પણ
મારો આશરો બની જશે,
રસોડાનું કિચન ,ને વાળુનું નામ
અહીં ડિનર રાખ્યું છે...!!!



બાલ્કની સરસ છે, આવી તો
ગામડે પણ નો'તી હોં.!!!
હિંડોળાની જગ્યાએ ત્યાં
બિન-બેગ મુકાવ્યું છે.!!!

હવે જિંદગી આખી જશે
સોરી ને થેંક્યું કહેવામાં.!!!
"જય જિનેન્દ્ર" ની જગ્યાએ મેં,
ગુડ મોર્નિંગ રાખ્યું છે...!!!

કેમ કરી છૂટે વળગણ,
બાળપણની ગલીઓનું...!!!
અંતર મહીં મારું ગામડું
મેં અડીખમ જીવાડ્યું છે...!!!

## સાધર્મિક સહાય ક્ષેત્રે દાન...ફંડ...ભેટ...

**રૂા.૧૮૦૦૦/-**



સ્વ.રમણલાલ વાડીલાલ શાહ
(બોરીયાવી-હાલ-અમેરિકા)

શ્રીમતી ભાનુબેન રમણલાલ શાહ અને સ્વ.શ્રી રમણલાલ વાડીલાલ શાહ (બોરીયાવી-હાલ:અમદાવાદ)ના પુત્રવધૂ શ્રીમતી રૂપાબેન હિમાંશુભાઈ શાહે તેમના સાસુ-સસરાના નામે અમદાવાદ જ્ઞાતિમંડળના સાધર્મિક વાત્સલ્ય ફંડ ખાતે રૂા.૧૮૦૦૦/-નું દાન અર્પણ કરેલ છે તે તેમના કુટુંબપ્રેમ અને સંસ્કાર દર્શાવે છે. સ્વ.રમણલાલ વાડીલાલ શાહ અગાઉ શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિમંડળ, અમદાવાદનું પ્રમુખપદ શોભાવી ચૂક્યા છે. અમદાવાદ જ્ઞાતિમંડળ તેમની જ્ઞાતિજનો પ્રત્યેની ઉદારતાને બિરદાવે છે. તેમનો આભાર માને છે અને તેમની અનુમોદના કરે છે.

**રૂા.૧૫૦૦૦/-**



સ્વ.શ્રી શાન્તિલાલ કાળીદાસ શાહ
(લણવા-અમદાવાદ)

સ્વ.શ્રી શાન્તિલાલ કાળીદાસ શાહ (લણવા-અમદાવાદ)ની પુણ્યસ્મૃતિમાં તથા તેમના આત્મશ્રેયાર્થે તેમના પરિવારે, અમદાવાદ જ્ઞાતિ મંડળના સાધર્મિક સહાય ક્ષેત્રમાં સાધર્મિક વાત્સલ્ય ક્ષેત્રે રૂા.૧૫૦૦૦/-નું દાન કરેલ છે. આ પરિવારે જ્ઞાતિના જરૂરિયાત મંદોને જીવનજરૂરી ખાદ્યસામગ્રી પેટે આ દાન આપીને સમાજ માટેની લાગણી દર્શાવી છે તેની મંડળ અનુમોદના કરે છે અને તેમનો ખૂબ આભાર માને છે.

**રૂા.૯૦૦૦/-**



સ્વ.મંજુલાબેન ચિનુભાઈ શાહ
(ભાલક-અમદાવાદ)

શ્રીમતી રૂપાબેન હિમાંશુભાઈ રમણલાલ વાડીલાલ (બોરીયાવી-હાલ:અમેરિકા) તરફથી શ્રી રૂપાબેને તેમના માતુશ્રી સ્વ.મંજુલાબેન ચીનુભાઈ શાહ (ભાલક-અમદાવાદ)ની પુણ્યસ્મૃતિમાં અને આત્મશ્રેયાર્થે અમદાવાદ જ્ઞાતિમંડળને રૂા.૯૦૦૦/-નું દાન સાધર્મિક સહાય ક્ષેત્રે સાધર્મિક વાત્સલ્યમાં આપેલ છે જેનો મંડળ સ્વીકાર કરીને તેમની પ્રત્યે આભાર માને છે. તેમની આ ઉદારતાનો લાભ જ્ઞાતિમંડળને હરહંમેશ સાથ-સહકાર આપશે તેવી અપેક્ષા છે.

**રૂા.૫૧૦૦/-** શ્રીમતી સોનલબેન અને શ્રી સુનિલભાઈ રમેશચંદ્ર શાહ (ઉનાવા-હાલ:હાવરા-કલકત્તા)ની સુપુત્રી ચિ.ખુશાલી (સી.એ.)ના શુભલગ્ન શ્રીમતી કેતકીબેન અને શ્રી રેખલભાઈ પ્રફુલ્લચંદ્ર દલાલ (અમદાવાદ)ના સુપુત્ર ચિ.કલ્પકુમાર (સી.એ.) સાથે તારીખ ૨૦-૦૫-૨૦૨૫ના રોજ સંપન્ન થયેલ તે નિમિત્તે શ્રી સુનિલભાઈએ અમદાવાદ જ્ઞાતિ મંડળના સાધર્મિક વાત્સલ્ય ફંડ ખાતે રૂા.૫૧૦૦/-નું યોગદાન આપેલ છે. જ્ઞાતિમંડળ શ્રી સુનિલભાઈનો આભાર માની અનુમોદના કરે છે અને નવદંપતિને આશિર્વાદ આપે છે.

**રૂા.૨૦૦૦/-** શ્રી રેખલભાઈ પ્રફુલ્લચંદ્ર દલાલે (અમદાવાદ) તેમના સુપુત્ર ચિ.કલ્પકુમારના શુભલગ્ન પ્રસંગે અમદાવાદ જ્ઞાતિ મંડળના સાધર્મિક વાત્સલ્ય ફંડ ખાતે રૂા.૨૦૦૦/-નું દાન આપેલ છે. જ્ઞાતિ મંડળ નવદંપત્તિને આશિર્વાદ આપે છે અને તેમને ધન્યવાદ પાઠવે છે.

## બદલાયેલા સરનામા

### અમદાવાદ

**દિપક મફતલાલ શાહ................................(કરબટીયા)**
એ-૬૦૪, આશાકિરણ એપાર્ટમેન્ટ, ટાઈમ્સ ઓફ ઈન્ડીયા પ્રેસ રોડ, રેડીયો મીરચીની સામે, શ્યામલ ચાર રસ્તા રોડ, પ્રહલાદનગર, અમદાવાદ-૩૮૦૦૧૫. મો.: ૯૯૭૮૪૦૯૫૪૫, ૭૫૭૫૮૮૯૬૯૬

**આદીત્ય ભવ્યકુમાર શાહ........................(લુણવામંડાલી)**
૩૦૧, સત્યપથ-૩, કચ્છીભવન પાછળ, નવચેતન સ્કુલની સામે, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૬. મો.: ૮૦૦૦૮૦૩૩૬૩

**અંકિત નૈષધભાઈ શાહ.............................(મહેસાણા)**
૧૦૧, નવમંગલ ફ્લેટ્સ, શારદા સોસાયટી રોડ, જયદીપ ટાવર પાસે, ધરણીધર, વાસણા, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭. મો.: ૯૫૩૭૬૪૯૮૮૬

### પુના

**ભાવનાબેન શૈલેષકુમાર શાહ..........................(ઉનાવા)**
૪૦૧, શંખેશ્વર દર્શન, સંતોષીમાતા ચોક પાસે, નહેરૂનગર, પીંપરી, પુના-૪૧૧૦૧૮. મો.: ૯૮૮૧૫૧૬૧૯૧

**સાગરકુમાર નિતિનકુમાર શાહ...........................(મણુંદ)**
૬૦૫, શંખેશ્વર દર્શન, સંતોષીમાતા ચોક પાસે, નહેરૂનગર, પીંપરી, પુના-૪૧૧૦૧૮. મો.:૯૮૨૩૧૬૭૭૦૧, ૯૯૨૧૯૩૫૭૦૪

### મુંબઈ

**કીરણ શાંતિલાલ શાહ................................(ઉનાવા)**
ડી-૧૭૦૫, ૧૭મો માળ, સીયાના વઢવા, એટમોસફીયર-૦૨, ગોરેગાંવ, મુલુંડ લીન્ક રોડ, રનવે ગ્રીનની સામે, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૦. મો.: ૯૮૨૦૨૧૨૫૮૪

## નાણાં કરતાં સંસ્કારની કીંમત મોટી

આવું ત્યારે જ બની શકે જ્યારે માતા-પિતા આત્મજ્ઞાની હોય અથવા આત્મશ્રેયાર્થ પ્રયાસ કરનારાં મુમુક્ષુ હોય. બાળકના ઘડતરનો પાયો માતા-પિતાનું સંસ્કારી દાંપત્ય છે. તેમાં લૂણો લાગ્યો છે. જગતની સમસ્યાનો ઉકેલ લૂણો નહિ, સંસ્કારી કુટુંબ જ કરી શકશે. સુખી કુટુંબની આધારશીલા સ્ત્રી-પુરુષ છે. માટે જ માતા-પિતાએ આદર્શ બાળકને ઘડવાં તેમનું દાંપત્ય નમુનેદાર બનાવવું જોઈએ. ઘર જેવું બાળકનું ઘડતર વિશ્વની કોઈ યુનિવર્સિટી ન કરી શકે. આજે પરીક્ષામાં પેપરો ફૂટે છે, પરીક્ષા વખતે પોલીસ બોલાવવી પડે છે. તે જોતાં લાગે છે કે બાળકને શાળામાં, કોલેજોમાં મૂકવા જેવું નથી. લાચારી એ છે કે તે સિવાય બીજો કોઈ ઉપાય પણ નથી. પોતાના બાળકોને સારા સંસ્કારો મળે તે માટે અમેરિકામાં વસતું એક ભારતીય કુટુંબ અમેરિકામાં કરોડોની સંપત્તિ મૂકીને ભારત આવતું રહ્યું. માતા, પિતા, બાળકો અને ડ્રાઈવર અને ઘરના બીજા નોકરો સૌ વહેલા ઉઠીને પ્રાર્થના કરે. બાળકો સવારે ઊઠીને સૌથી પહેલાં માતા-પિતાને પગે લાગે, પછી પ્રાર્થના કરે. બાળકો માતા-પિતાને વંદન કરે, પછી જ સૂવા જાય. આ દંપતીને કરોડો રૂપિયાની આવકના કરતાં સંસ્કારની કિંમત વધુ લાગી હતી.

## મહિલા ઉત્કર્ષ ફંડ ખાતે દાન...ફંડ...ભેટ...

રૂા.૫૦૦૦૦/-



સ્વ.ઉર્મિલાબેન હસમુખલાલ શાહ (ઉનાવા-અમદાવાદ)

વડાવલીના ડૉ.ચીમનલાલ મોહનલાલના સુપુત્રી તથા સ્વ.શ્રી શશિકાન્તભાઈ ચીમનલાલના બેન સ્વ.ઉર્મિલાબેને શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મહિલા મંડળની ૧૯૯૨માં સ્થાપના કરેલી. ૨૫ વર્ષ પ્રમુખપદ શોભાવેલું અને મહિલા મંડળનું અંતિમ સમયસુધી સફળ નેતૃત્વ કરેલું. શ્રી ઉર્મિલાબેનના સુપુત્ર શ્રી નયનભાઈને તેમના માતૃશ્રીએ મહિલા મંડલની પ્રગતિ માટે આપેલી સેવાઓને અનુલક્ષીને તેમના જીવનકાર્યને દીપાવવા માટે અમદાવાદ જ્ઞાતિ મંડળને મહિલા ઉત્કર્ષ માટે રૂા.૫૦૦૦૦/-નું માતબર દાન આપીને સાચી શ્રધ્ધાંજલિ આપી છે. જ્ઞાતિમંડળ શ્રી ઉર્મિલાબેનના પરિવારનું આભારી છે. સમાજ પ્રત્યેની કૃતજ્ઞતા બદલ હ્રદયથી ધન્યવાદ પાઠવીએ છીએ.

---

રૂા.૨૧૦૦૦/-



સ્વ.કંચનબેન જયંતિલાલ શાહ (ઉનાવા-અમદાવાદ)

શ્રીમતી ઊર્મિલાબેન હસમુખલાલ શાહ (ઉનાવા) ના દુ:ખદ અવસાન ને અનુલક્ષીને સ્વર્ગસ્થ શ્રી ની સમાજ સેવા તેમજ જ્ઞાતિ પ્રત્યે બજાવેલ સરાહનીય જ્ઞાતિ સેવાના કાર્યને ધ્યાને લઈને જ્ઞાતિ દ્વારા યોજેલ સ્મરણાંજલિ, ભાવાંજલી કાર્યક્રમ દરમ્યાન તેઓના નિ:સ્વાર્થ સેવાકીય કાર્યોની અનુમોદનાર્થે તેઓના માનસ પુત્રો શ્રી સંજયભાઈ (યુ.એસ.એ.), શ્રી વિભાકરભાઈ તેમજ શ્રી વિજયભાઈ (યુ.એસ.એ.) દ્વારા તેઓના માતુશ્રી કંચનબેન જયંતિલાલ શાહ (ઉનાવા) તરફથી ફૂલ નહીં તો ફૂલની પાંખડી સમાન રૂ. ૨૧૦૦૦ ની રકમનું દાન શ્રી મહિલા મંડળ ખાતે જાહેર કરેલ છે જેનો જ્ઞાતિ સહર્ષ સ્વીકાર કરે છે અને તેઓને ખૂબ ધન્યવાદપાઠવે છે તેમજ આવા સત્કાર્યો કરવા માટે પ્રભુ તેમને પ્રેરણા આપતા રહે તેવી પ્રભુને પ્રાર્થના.

---


રૂા.૧૫૦૦૦/-



તૃપ્તીબેન અપૂર્વભાઈ ગાંધી (અમદાવાદ)

એક ગુણવાન વ્યક્તિ, પોતાના સૌજન્યથી અન્ય કેટલાયે વ્યક્તિઓને પ્રભાવિત કરે છે. તેનું દ્રષ્ટાંત (ઉદાહરણ) સ્વ.ઉર્મિલાબેન છે. તેમના સુપુત્ર શ્રી નયનભાઈના પરમ મિત્ર છે. અપૂર્વભાઈ અને તૃપ્તીબેન ગાંધી ઉર્મીલાબેનના પરિવારના છેલ્લા ૩૮ વર્ષથી સભ્યો જેવા છે. તેમણે ઉર્મિલાબેનનું મહિલા મંડળ માટેનું કાર્ય નજીકથી જોયેલું છે અને તેમના કાર્યની અનુમોદના સ્વરૂપે રૂપિયા ૧૫૦૦૦/- નું દાન મહિલા મંડળને કરેલ છે. તે બદલ જ્ઞાતિમંડળ શ્રી અપૂર્વભાઈ અને તૃપ્તીબેનને ખૂબ ધન્યવાદપાઠવે છે. અને આવા સત્કાર્યો કરવા માટે પ્રભુ તેમને પ્રેરણા આપતા રહે તેવી પ્રભુને પ્રાર્થના.


લગ્ન ઈચ્છુકનો બાયોડેટા
ફોટો સાથે





વિનામૂલ્યે પ્રગટ
કરવામાં આવશે.
સુસ્પષ્ટ અક્ષરે લખાણ હોવું જરૂરી છે.


## શૈક્ષણિક ક્ષેત્રે દાન...ફંડ...ભેટ...

રૂા.૫૦૦૦૦/-



નયનભાઈ હસમુખલાલ શાહ (ઉનાવા-અમદાવાદ)

સ્વ.ઉર્મિલાબેન હસમુખભાઈ શાહ (ઉનાવા-હાલ:અમદાવાદ)ની પુણ્ય સ્મૃતિમાં તેમના આત્મશ્રેયાર્થે તેમના સુપુત્ર ચિ.નયનભાઈએ અમદાવાદ જ્ઞાતિમંડળના શૈક્ષણિક સહાય ક્ષેત્રમાં રૂા.૫૦૦૦૦/-નું માતબર દાન આપીને આ પરિવારની સમાજ પ્રત્યેની ઉદાર ભાવના દર્શાવી છે. સ્વ. ઉર્મિલાબેને ૨૫ વર્ષ મહિલા મંડળના પ્રમુખ તરીકે સફળ નેતૃત્વ કરેલું. અંતિમ સમય સુધી સલાહકાર તરીકે સેવાઓ આપેલી. તેમની દિર્ઘદ્રષ્ટિ, સરળતા, કોઠાસૂઝ અને સૌને સાથે રાખવાની કાર્યકુશળતાએ સમગ્ર જ્ઞાતિજનોના દિલ જીતી લીધેલા. તેમની સમાજની આજીવન સેવા કરવામાં તેમના સુપુત્ર શ્રી નયનભાઈ, પુત્રવધૂ જયશ્રીબેન, સુપુત્રી ભાવનાબેન, અલ્પાબેનનો સંપૂર્ણ સાથ સહકાર મળેલો. અમદાવાદ જ્ઞાતિમંડળ શ્રી નયનભાઈને ખૂબ ખૂબ અભિનંદન આપીને આભાર માને છે.

---

રૂા.૨૧૦૦૦/-



સ્વ.જયંતિલાલ મણીલાલ શાહ (ઉનાવા-અમદાવાદ)

શ્રીમતી ઊર્મિલાબેન હસમુખલાલ શાહ (ઉનાવા) ના દુ:ખદ અવસાન ને અનુલક્ષીને સ્વર્ગસ્થ શ્રી ની સમાજ સેવા તેમજ જ્ઞાતિ પ્રત્યે બજાવેલ સરાહનીય જ્ઞાતિ સેવાના કાર્યને ધ્યાને લઈને જ્ઞાતિ દ્વારા યોજેલ સ્મરણાંજલિ, ભાવાંજલી કાર્યક્રમ દરમ્યાન તેઓના નિ:સ્વાર્થ સેવાકીય કાર્યોની અનુમોદનાર્થે તેઓના માનસ પુત્રો શ્રી સંજયભાઈ (યુ.એસ.એ.), શ્રી વિભાકરભાઈ તેમજ શ્રી વિજયભાઈ (યુ.એસ.એ.) દ્વારા તેઓના પિતાશ્રી જયંતિલાલ મણિલાલ શાહ (ઉનાવા) તરફથી ફૂલ નહીં તો ફૂલની પાંખડી સમાન રૂ. ૨૧૦૦૦ ની રકમનું દાન શ્રી શિક્ષણ સહાય ખાતે જાહેર કરેલ છે જેનો જ્ઞાતિ સહર્ષ સ્વીકાર કરે છે અને તેઓને ખૂબ ધન્યવાદપાઠવે છે તેમજ આવા સત્કાર્યો કરવા માટે પ્રભુ તેમને પ્રેરણા આપતા રહે તેવી પ્રભુને પ્રાર્થના.

## મેડીકલ સહાય ક્ષેત્રે દાન...ફંડ...ભેટ...

રૂા.૮૦૦૦/-



સ્વ.ભારતીબેન ચંપકલાલ શાહ (લણવા-અમદાવાદ)

સ્વ.ભારતીબેન ચંપકલાલ શાહ (લણવા-અમદાવાદ)ની પુણ્યસ્મૃતિમાં તેમના પરિવારજનોએ તેમના આત્મશ્રેયાર્થે અમદાવાદ જ્ઞાતિમંડળના મેડીકલ સહાયક્ષેત્રમાં રૂા.૮૦૦૦/-નું દાન આપેલ છે. આપણી જ્ઞાતિજનોને મેડીકલ સહાયના શુભ આશયથી તેમના પરિવારે આપેલ આ દાન બદલ અમદાવાદ જ્ઞાતિમંડળ અનુમોદના કરે છે અને આભાર વ્યક્ત કરે છે.

---

રૂા.૨૫૦૦/- આપણી મહેસાણા પ્રાંત જૈન દશાશ્રીમાળી જ્ઞાતિમાંથી એક જ્ઞાતિબંધુએ તેમના કુટુંબના લગ્નપ્રસંગે જ્ઞાતિમંડળને શૈક્ષણિક સહાયક્ષેત્રે રૂા.૨૫૦૦નું દાન આપેલ છે. જ્ઞાતિમંડળ તેમની લાગણી પ્રત્યે આભાર વ્યક્ત કરે છે.

# ઉનાવા તીર્થે ગુરુ જન્મ શતાબ્દી ...
# પ્રભુ પ્રતિષ્ઠા દ્વિશતાબ્દી મહોત્સવ

ગુરુ ધર્મ અભયસાગર જન્મભૂમિ ઉનાવા તીર્થ નગરે ગુરુ જન્મ શતાબ્દી ... પ્રભુ પ્રતિષ્ઠા દ્વિશતાબ્દી સંપ્રતિકાલિન શ્રી ભીડભંજન પાર્શ્વનાથ જિનાલયની ૨૦૦મી ધ્વજારોહન અને જીર્ણોધ્ધારિત નવનિર્મિત ત્રિશિખરે ધ્વજાદંડ – કલશ પ્રતિષ્ઠા પ્રસંગે ત્રિદિવસીય મહોત્સવ ઉનાવા નગરે સવંત ૨૦૮૧ ફાગણ સુદ-૧ તારીખ ૨૮.૦૨.૨૦૨૫ થી સવંત ૨૦૮૧ ફાગણ સુદ -૩ તારીખ ૦૨.૦૩.૨૦૨૫ સુધી શાસન સુભટ ઉનાવા રત્ન પૂજ્યપાદ ઉપાધ્યાય શ્રી ધર્મસાગરજી મ.સા. ના શિષ્ય આગમવિશાદ પૂજ્યપાદ પં. ગુ.શ્રી અભયસાગરજી મ.સા. ના શિષ્ય ઉનાવા તીર્થ જીર્ણોધ્ધાર અને પાલિતાણા તીર્થે ૧૦૮ ફીટ દાદા આદિનાથ પ્રેરક પૂજ્યપાદ આ. શ્રી અશોકસાગરસૂરીશ્વરજી મ.સા., કાર્યકુશલ પૂજ્ય આ. શ્રી સૌમ્યચંદ્રસાગરસૂરીશ્વરજી મ.સા. ,વર્ધમાન તપોનિધિ પૂજ્ય આ.શ્રી વિવેકચન્દ્રસાગરસૂરીશ્વરજી મ. સા.,વિદ્વાન પ્રવર્તક પૂજ્ય શ્રી ધૈર્યચંદ્રસાગરજી મ.સા.,પૂજ્ય મુનિવર્ય શ્રી વિધોદયકીર્તિસાગરજી મ.સા. આદિઠાણા (નવા બબલપુરા) ,પૂ. સા.સુરક્ષાશ્રીજી મ. સા. આદિઠાણા,પૂ.સા. સુનંદા-સુરભિ સુનંદિતાશ્રીજી મ. સા. ના શિષ્યા પૂ. સા. કૃતિનાંદિતાશ્રીજી ની પાવન નિશ્રા મોં ખુબજ આનંદ અને ઉલ્લાસ પૂર્વક ઉજવવામાં આવ્યો.

## ઉનાવા નગરે ૨૦૦ મી સાલગીરી પ્રસંગે ત્રિદિવસીય મહોત્સવ ના લાભાર્થી

### પ્રથમ દિવસ સવંત ૨૦૮૧ ફાગણસુદ – ૦૧ તારીખ ૨૮.૦૨.૨૦૨૫ શુક્રવાર

૧ વીસસ્થાનક પૂજન :-

શાહ જ્યોત્સનાબેન ચંદ્રકાન્ત રમણલાલ પરીવાર, મહેસાણા

વીસ સ્થાનકની ઓળી તપના અનુમોદનાર્થે

૨ સવારે નવકારશી : -

સ્વ. ઇશ્વરીબેન જયંતિલાલ શાહ હસ્તે. શ્રી પિયુષભાઈ (ડીસા)



૩ બપોરે સ્વામિવાત્સલ્ય : -

શાહ પદમાબેન શ્રીકાંતભાઈ ચીમનલાલ સ્વરૂપચંદ

હસ્તે –મુકેશ,વૈશાલી,ઈશા,રાશી (હાલ –કાંદિવલી ,મુંબઇ )

૪ સાંજે ચઉવિહાર : -

શાહ ચંદ્રિકાબેન મહેન્દ્રકુમાર સ્વરૂપચંદ (ડીસા) હસ્તે –કુમારપાળ મહેન્દ્રભાઇ શાહ

# ઉનાવા તીર્થે ગુરુ જન્મ શતાબ્દી ... પ્રભુ પ્રતિષ્ઠા દ્વિશતાબ્દી મહોત્સવ

## બીજો દિવસ સવંત ૨૦૮૧ ફાગણસુદ – ૦૨ તારીખ ૦૧.૦૩.૨૦૨૫ શનિવાર

૧ અઢાર અભિષેક :-
શાહ ગિરીશકુમાર કાંતિલાલ કેશવલાલ (કૃષ્ણનગર, અમદાવાદ)

૨ સવારે નવકારશી : -
શાહ સુર્યાબેન પ્રવીણચંદ્ર છનાલાલ (ઉનાવા)

૩ બપોરે સ્વામિવાત્સલ્ય : -
શ્રીમતી ગીતાબેન રાકેશકુમાર કાંતિલાલ શાહ પરિવાર
કુંભારિયા પાડો- પાટણ, ખાડિયા –અમદાવાદ, હાલ નિવાસી ચોપાટી- મુંબાઇ -૭

૪ સાંજે ચઉવિહાર : -
શાહ કમળાબેન ચીમનલાલ સ્વરૂપચંદ હસ્તે- ગૌતમભાઈ ચીમનલાલ શાહ (આંબેગામ, મુંબઇ, પૂના)

## ત્રીજો દિવસ સવંત ૨૦૮૧ ફાગણસુદ – ૦૩ તારીખ ૦૨.૦૩.૨૦૨૫ રવિવાર

૧ શ્રી ભીડભંજન દાદા ધ્વજાદંડ વિધી :-
શાહ સુભદ્રાબેન શાંતિલાલ પરિવાર
હસ્તે – શાહ હરેશભાઈ શાંતિલાલ પરિવાર (ઉનાવા, હાલ મહેસાણા)

૨ શ્રી ભીડભંજન દાદા કળશ વિધી :-
શાહ જ્યોત્સનાબેન ચંદ્રકાન્ત રમણલાલ પરીવાર, મહેસાણા

૩ શ્રી આદેશ્વર દાદા ધ્વજાદંડ વિધી :-
શાહ શકુબેન રસીકલાલ ની સુપુત્રી આશાબેન શૈલેષકુમાર શાહ (પૂના)

૪ શ્રી આદેશ્વર દાદા કળશ વિધી :-
સ્વ. ગં. સ્વ. શારદાબેન કિર્તીકુમાર બાબુલાલ શાહ પરિવાર( સરૈયા ), (મલાડ, મુંબઇ)

૫ શ્રી કલ્યાણપાર્શ્વનાથ દાદા ધ્વજાદંડ વિધી :-
શાહ ઇન્દુમતીબેન રતિલાલ સ્વરૂપચંદ (અમદાવાદ) હસ્તે – સંજયભાઈ રતિલાલ શાહ

૬ શ્રી કલ્યાણપાર્શ્વનાથ દાદા કળશ વિધી :-
શાહ મમતાબેન સુરેશભાઇ (વાપી) હસ્તે – શ્રી તુષારભાઈ, શ્રી ભાવિનભાઈ

૭ શ્રી ભીડભંજન દાદા ધ્વજા રોહણ :-
કાયમી -શેઠશ્રી અમૃતલાલ જેઠાલાલ શાહ પરિવાર (પૂના)

૮ શ્રી આદેશ્વર દાદા ધ્વજા રોહણ :-
કાયમી - શેઠશ્રી જગજીવનદાસ મૂળચંદદાસ શાહ પરિવાર

૯ શ્રી કલ્યાણપાર્શ્વનાથ દાદા ધ્વજા રોહણ :-
શ્રીમતી શર્મિષ્ઠાબેન હર્ષદકુમાર સુમતીલાલ શાહ (મહેસાણા)

૧૦ સવારે નવકારશી : - શેઠશ્રી પિતાંબરદાસ વસ્તારમ શાહ પરિવાર

૧૧ બપોરે સ્વામિવાત્સલ્ય : -
શાહ સુભદ્રાબેન સુમતીલાલ કેશવલાલ પરિવાર( સરૈયા )
હસ્તે શ્રી ભરતભાઈ, શ્રી કમલેશભાઈ, શ્રી દીપકભાઈ

૧૨ સાંજે ચઉવિહાર : -
શાહ મમતાબેન સુરેશભાઇ (વાપી) હસ્તે – શ્રી તુષારભાઈ, શ્રી ભાવિનભાઈ

૧૩ ૧૨.૩૯ કલાકે શ્રી શાંતિ સ્નાત્ર પૂજન : -
શાહ ભગવતીબેન ચંદુલાલ છનાલાલ (મહેસાણા)
સુપુત્રી : હેમા, રશ્મિતા, પુનિતા

૧૪ ૧૦ ગ્રામ ચાંદીના સિક્કા ના લાભાર્થી : -
શાહ મુકેશભાઇ જમનાદાસ પરિવાર ( વડોદરા )
હસ્તે – શાહ વિભાબેન મુકેશભાઇ, શ્રી અમિતભાઈ તથા સુરભિતભાઇ

## શ્રી ભરતચક વર્તી ભોજન ખંડ ના લાભાર્થી

શાહ કમળાબેન ચીમનલાલ સ્વરૂપચંદ હસ્તે – પ્રવીણચંદ્ર ચીમનલાલ શાહ
(ઉનાવા, આંબેગામવાળા, મુંબઈ, પૂના)

## શ્રી આમંત્રણ પત્રિકાના લાભાર્થી

શાહ કમળાબેન ચીમનલાલ સ્વરૂપચંદ (ઉનાવા, આંબેગામવાળા, મુંબઈ, પૂના)

## શ્રી શંત્રુજ્યાવતાર તીર્થ સંકુલ ધજારોહણ

(એ) કાનુંગા જમનાબેન ચંપાલાલ બોથરા (સોંચોરવાળા)
હસ્તે – શેઠશ્રી ભંવરલાલ ચંપાલાલ કાનુંગા (ઊંઝા)

(બી) શ્રીમતી ગીતાબેન રાકેશકુમાર કાંતિલાલ શાહ પરિવાર
કુંભારિયા પાડો- પાટણ, ખાડિયા –અમદાવાદ, હાલ નિવાસી ચોપાટી- મુંબાઇ -૭

(સી) શાંતાબેન નરોત્તમદાસ ઉત્તમલાલ શાહ પરિવાર
હસ્તે – કીર્તિ, અશ્વિન, રમેશ, સુલોચના, ભારતી

## લાડવાની પ્રભાવનાના લાભાર્થી

મમતાબેન સુરેશચંદ્ર રતીલાલ (વાપી) હસ્તે –તુષારભાઈ, ભાવિનભાઈ

## લાડવા અને સેવની પ્રભાવનાના લાભાર્થી

મોતીબેન ઉત્તમલાલ જગજીવનદાસ શાહ – સુપત્રો નરોત્તમદાસ, ચંપકલાલ, ડો. અંબાલાલ

## દેવડા ની પ્રભાવનાના લાભાર્થી

રસિકલાલ તલકચંદ શાહ પરિવાર (ઉનાવા)

## સં. ૨૦૮૨ ના ફાગણ સુદ - ૩ ની શ્રી કલ્યાણ પાર્શ્વનાથદાદા ધજા રોહણ ના લાભાર્થી

શ્રીમતી જ્યોતિબેન બીપીનચંદ્ર હિરાલાલ શાહ પરિવાર, મુંબઇ
(ચાલુ સાલે અગાઉના વર્ષ નો આદેશ આપેલ છે. )

## સને ૨૦૨૫ -૨૦૨૬ ના પૂજારી પગાર ના લાભાર્થી

રૂા. ૧,૧૧,૦૦૦/- શ્રી યોગેશભાઈ ઈશ્વરલાલ હરગોવનદાસ શાહ
નીશા યોગેશભાઈ શાહ, જૈનમ યોગેશભાઈ શાહ (પૂના)

## વાર્ષિક કેસર ના લાભાર્થી

સ્વ. વિમળાબેન નવીનચંદ્ર વાડીલાલ શાહ
હસ્તે જિગ્નેશભાઈ નવીનચનદ્ર શાહ (અમદાવાદ)



ઉનાવા દેરાસરના પરિસરમાં આવેલ શ્રી શેત્રુંજય તીર્થની રચના

## શ્રી સાધારણ ખાતા ની ટીપ ના લાભાર્થી

રૂા. ૧,૦૮,૦૦૦/- દિલિપકુમાર કાંતિલાલ શાહ, રેખા હાર્ડવેર (પૂના)
રૂા. ૧,૦૮,૦૦૦/- શકુબેન રસીકલાલ શાહની સુપુત્રી આશાબેન શૈલેષકુમાર શાહ (પૂના)
રૂા. ૧,૦૮,૦૦૦/- સ્વ. બીપીનકુમાર સુમતીલાલ શાહ હસ્તે નીલાબેન બીપીનકુમાર (અમદાવાદ)
રૂા. ૧,૦૮,૦૦૦/- કમળાબેન ચીમનલાલ સ્વરૂપચંદ શાહ (આંબેગામવાળા, મુંબઈ, પૂના)
રૂા. ૧,૦૮,૦૦૦/- સ્વ. ચંપાબેન બાબુલાલ શાહ હસ્તે- સુધાબેન રસિકલાલ શાહ (મલાડ, મુંબઇ)
રૂા. ૧,૦૮,૦૦૦/- મમતાબેન સુરેશચંદ્ર રતીલાલ (વાપી) હસ્તે –તુષારભાઈ, ભાવિનભાઈ
રૂા. ૧,૦૮,૦૦૦/- શ્રીમતી મણીબેન વાડીલાલ છગનલાલ શાહ (આંબેગામ –પૂણે)
હસ્તે - અરુણાબેન હસમુખલાલ વાડીલાલ શાહ પરિવાર (મુંબઇ)
રૂા. ૧,૦૮,૦૦૦/- જેશીંગલાલ કાલિદાસ શાહ પરિવાર
રૂા. ૧,૦૮,૦૦૦/- ચંદ્રિકાબેન મહેન્દ્રકુમાર સ્વરૂપચંદ શાહ (ડીસા) હસ્તે –કુમારપાળ મહેન્દ્રભાઇ શાહ
રૂા. ૧,૦૮,૦૦૦/- લીલાવતીબેન રમણલાલ સ્વરૂપચંદ શાહ
રૂા. ૧,૦૮,૦૦૦/- સ્વ. કમળાબેન જગજીવનદાસ માણેકલાલ ભાવસાર
હસ્તે વિરમતીબેન વિનોદકુમાર તથા અંજનાબેન મહેશકુમાર ભાવસાર,
સ્વ. નિલ, ચિ. અનેરીબેન (ઉનાવા, ઊંઝા )
રૂા. ૧,૦૮,૦૦૦/- સ્વ. જયભારતીબેન વૃજલાલ ભાવસાર હસ્તે લતાબેન પરેશભાઈ ભાવસાર
જીગર, આકાશ (ઉનાવા, ઊંઝા )
રૂા. ૧,૦૮,૦૦૦/- રેવાબેન ધૂળચંદદાસ શાહ હસ્તે વિક્રમભાઈ બાબુલાલ શાહ(મહેસાણા, મુંબઇ)
રૂા. ૧,૦૮,૦૦૦/- ચંદનબેન કેશવલાલ શાહ હસ્તે કેતનભાઈ સૂર્યકાંત શાહ (સુરત)
રૂા. ૧,૦૮,૦૦૦/- દિવ્યાબેન હસમુખલાલ હિરાલાલ શાહ હસ્તે હીના જતીન શાહ (લક્ષ્મી જવેલર્સ, મુંબઇ)
રૂા. ૧,૦૮,૦૦૦/- સરલાબેન પ્રવીણચંદ્ર કેસવલાલ શાહ હસ્તે મુકેશભાઇ પ્રવીણચંદ્ર શાહ (અમદાવાદ)
રૂા. ૧,૦૮,૦૦૦/- શ્રીમતી જ્યોતિબેન બીપીનચંદ્ર હિરાલાલ શાહ પરિવાર, મુંબઇ
રૂા.૧,૦૮,૦૦૦/- વિમળાબેન સુમતીલાલ છોટાલાલ શાહ પરિવાર (આંબેગામ, મુંબઇ, પૂના)
રૂા.૧,૦૮,૦૦૦/- સ્વ. મંજુલાબેન ચિનુભાઈ જેશીંગલાલ શાહ પરિવાર (ઉનાવા હાલ રાજકોટ)
હસ્તે-શિલ્પા કૌશિક શાહ, ગીતા ધર્મેન્દ્ર શાહ, સુકેશી કલ્પેશ શાહ
રૂા.૧,૦૮,૦૦૦/- સવિતાબેન ઈશ્વરલાલ હરગોવનદાસ શાહ (પૂના)
હસ્તે – શ્રી ધર્મેન્દ્રભાઈ, શ્રી અરવિંદભાઇ, શ્રી યોગેશભાઈ
રૂા.૧,૦૮,૦૦૦/- રસિકલાલ તલકચંદ શાહ પરિવાર-હસ્તે મહેન્દ્રભાઇ, સુરેશભાઇ, રમેશભાઈ, અમદાવાદ
રૂા.૧,૦૮,૦૦૦/- શ્રીમતી ગીતાબેન રાકેશકુમાર કાંતિલાલ શાહ પરિવાર
કુંભારિયા પાડો-પાટણ, ખાડિયા –અમદાવાદ, હાલ નિવાસી ચોપાટી- મુંબાઇ -૭
રૂા. ૫૪,૦૦૦/- શ્રીમતી જમનાબેન ભોમચંદજી તારાચંદજી ભણશાળી (ભિનમાલ, મુંબઇ)
રૂા. ૫૪,૦૦૦/- રંજનબેન જસવંતલાલ ભાવસાર પરિવાર (ઉનાવા, ઊંઝા)
હસ્તે –નિખિલભાઈ જસવંતલાલ, સંજયભાઇ જસવંતલાલ
રૂા. ૫૪,૦૦૦/- ચેતનાબેન શૈલેષકુમાર ચોકસી (ઊંઝા)
રૂા. ૫૪,૦૦૦/- ગીરાબેન મહેશકુમાર શાહ (બોકરવાડા, હાલ અમદાવાદ )
રૂા. ૧૧,૦૦૦/- ભરતકુમાર બાબુલાલ શાહ હસ્તે સોનલબેન (પૂના)
રૂા. ૫,૫૦૦/- સ્વ. નવીનચંદ્ર પોપટલાલ શાહ હસ્તે શૈલેષભાઈ નવીનચંદ્ર શાહ (અમદાવાદ)

આ પ્રસંગને સફળ બનાવવામાં ઉપરના લાભાર્થી, સંઘના બહારથી તથા ગામના ભાઈઓ તથા બહેનો, અમદાવાદ થી બસ લાવવાનું આયોજન કરનાર શ્રી મુકેશભાઇ સુમતીલાલ શાહ તથા અમારા ટ્રસ્ટીગણનું ખૂબ ખૂબ અનોમોદન કરીએ છીએ.

લી.

પ્રવીણચંદ્ર છનાલાલ શાહ-મેનેજીંગ. ટ્રસ્ટી

ચંદ્રકાંત રમણલાલ શાહ (ટ્રસ્ટી) | હરેશભાઈ શાંતિલાલ શાહ (ટ્રસ્ટી)
વિક્રમભાઈ બાબુલાલ શાહ (ટ્રસ્ટી) | દીપકભાઈ ચંપકલાલ શાહ (ટ્રસ્ટી)

# ધાર્મિક સમાચાર

## ઉનાવા નગરે ત્રિદિવસીયની જાજરમાન ઉજવણી

❁ ઉનાવા તીર્થ મુકામે ત્રિદિવસીયની જાજરમાન ઉજવણી શ્રી ભીડભંજન પાર્શ્વનાથ જિનાલય ની  ૨૦૦ મી સાલગીરી ની ઉજવણી તથા જીર્ણોદ્ધારિત ત્રણ શિખર,  ધ્વજાદંડ તથા  કળશ ની  પ્રતિષ્ઠા કરવામાં આવીઉપરોક્ત પ્રસંગે નિશ્રા સુભટ સમ્રાટ પૂ. પાદ ઉપાધ્યાય શ્રી ધર્મસાગરજી મ. સા. ના શિષ્યરત્ન આગમ વિશારદ પૂજ્યપાદ પંન્યાસ ગુરૂ શ્રી અભયસાગરસુરીશ્વરજી મ. સા. ના શિષ્ય ઉનાવા તીર્થ જીર્ણોદ્ધાર તથા પાલીતાણા તીર્થ ૧૦૮ ફીટ આદિનાથ દાદા ના પ્રેરકપૂજ્યપાદ આચાર્ય શ્રી અશોકસગરસુરીશ્વરજી મ.સા. તથા  કાર્ય કુશળ  શ્રી સૌમ્યચંદ્ર સાગરસુરીસ્વરજી મ. સા.વર્ધમાન તપોનિધિ  શ્રી વિવેકચંદ્ર સાગરસુરીશ્વરજી મ. સા. તથા  વિદ્યાવાન પ્રવર્તક શ્રી ધૈર્યચંદ્ર સાગરજી મ. સા તથા  પૂજ્ય મુનિવર્ય શ્રી વિદ્યોદયકીર્તિ સાગરજી મ.સા  પૂ સા.સુરક્ષાશ્રીજી મ. સા. આદિઠાણા તથા પૂ.સા.સુનંદા સુરભિ સુનંદીતશ્રીજી મ.સા. ના શિષ્યા પૂ.સા.કૃતનંદિતાશ્રીજી મ. સા. ની પાવન નિશ્રામાં  ત્રિદિવસીય મહોત્સવ ખુબજ આનંદ અને ઉલ્લાસપૂર્વક ઉજવાયો ત્રિદિવસીય મહોત્સવ દરમ્યાન ૧. વિસસ્થાનક પૂજન ૨. અઢાર અભિષેક ૩. શ્રી ભીડભંજન પાર્શ્વનાથ ભગવાન  ૪. શ્રી  આદેશ્વરદાદા ભગવાન ૫. શ્રી કલ્યાણ પાર્શ્વનાથ ભગવાન  ના  ધ્વજ દંડ વિધિ  કળશ વિધિતથા ધ્વજારોહણ તેમજ શ્રી શાંતિ સ્નાત્ર પૂજન સાથે  ઉલ્લાસભેર સંપન્ન થયો  મોટાભાગના ઉનાવા બહાર વસતા પરિવારો એ  ત્રણે દિવસ ઉનાવા સ્થિરતા કરી દરેક અનુષ્ઠાનો નો આનંદપૂર્વક લાભ લીધો  મહોત્સવમાં  વધુમાં વધુ પરિવારો .લાભ લઈ શકે તે હેતુ અમદાવાદ થી ઉનાવા  લાવવા લઈ જવા બે બસોની પણ ઉત્તમ સગવડ  પૂરી પાડવામાં આવી  ઉપરોક્ત પ્રસંગમાં ઉપસ્થિત ભાગ્યશાળીઓએ પ્રસંગમાં ઉત્સાહભેર ભાગ લીધો અને આનંદ મહોત્સવ માણ્યો ઉપસ્થિત ભાગ્યશાળીઓ થકી સર્વ સાધારણ ખાતાની ટીપ  અંદાજે ૨૭ લાખ થઈ  તે ખુબજ અનુમોદનીય છે અંતમાં  ઉનાવા સંઘ ના તમામ સભ્યો ને  ૧૦ ગ્રામ ચાંદીના સિક્કા તથા  ૫૦૦ ગ્રામ મીઠાઈ થી સન્માનિત કરવામાં આવ્યા  ઉપરોક્ત સમગ્ર ત્રિદિવસીય મહોત્સવ નુ આયોજન  ઉનાવા સંઘ ના  મેનેજીંગ ટ્રસ્ટી  શ્રી પ્રવિણભાઈ સી. શાહ તથા સહાયક ટ્રસ્ટીગણ તેમજ સર્વે સહાયક કાર્યકર્તા ની  હૃદય પૂર્વક ની સેવા સમય અને સહકાર થી  જાજરમાન રીતે પરીપૂર્ણ થયો ત્યારબાદ ફાગણ સુદ ૧૩ ના રોજ  ઉનાવા નગરે  અંદાજે ૫૫૦ યાત્રાળુ એ  શ્રી શત્રુંજય મહાતીર્થ ની પ્રદક્ષિણા જાત્રા કરેલ  અને પાલ નું આયોજન પણ કરવામાં આવેલ  જેમાં થેપલા,દહીં,લાડવા,સેવ,ભેળ, ફ્રૂટ્સ,ચા,દૂધ,કોફી વગેરે નો લાભ લીધેલ?? લાભાર્થી પરિવાર મહેતા સુશીલાબેન દેવેન્દ્રકુમાર ખરસીયાવાલા હાલ ઊંઝા અને લાડવા સેવ ના લાભાર્થી પરિવાર શાંતાબેન  નરોત્તમદાસ શાહ,અમદાવાદ

---

❁ ભાલક જૈનસંઘ આયોજિત આગ્રા,  શૌર્યપુરી, કંપિલપુર, અહીંછત્ર, હસ્તિનાપુર, હરિદ્વાર, ઋષિકેશ તેમજ મસૂરી કલ્યાણક તીર્થ યાત્રાપ્રવાસ તા.૨૭-૦૨-૨૦૨૫ થી તા.૦૭-૦૩-૨૦૨૫ દરમિયાન શરૂઆતમાં ૮૨ અને ત્યારબાદ ૭૫ યાત્રિકો સાથે ખૂબ જ હર્ષ અને ઉલ્લાસપૂર્ણ સંપન્ન થયો. આ યાત્રા દરમિયાન આગ્રામાં દાદાવાડી, શૌર્યપુરી,  કંપિલપુર, અહીંછત્ર તેમજ હસ્તિનાપુરમાં આપણા તિર્થંકર ભગવાનના કુલ ૧૮ કલ્યાણકોમાં દેવદર્શન ચૈત્યવંદન અને સેવા પૂજાનો સૌએ લાભ લીધો. હરિદ્વારમાં સેવાપૂજા તેમજ ગંગા-આરતી અને વિવિધ જોવાલાયક સ્થળો સહીત ઋષિકેષમાં રામઝૂલા,  લક્ષમણઝૂલા અને સાઈટસીન તેમજ મસૂરીમાં ખૂબ જ આનંદ માણ્યો. સૌજન્ય દાતાશ્રીઓનું સન્માન-બહુમાન કરવામાં આવ્યું અને યાત્રિક દિઠ રૂ.૮૦૦/- ની પ્રભાવના કરવમાં આવી. ૧૮ કલ્યાણક યાત્રાની સાથે આગ્રા, હરિદ્વાર, ઋષિકેષ અને મસૂરીમાં સૌએ વિશેષ આનંદ માણ્યો. આ યાત્રાપ્રવાસ દરમિયાન નવકારશી, બપોરનું ભોજન તેમજ ચૌવિહાર કરાવવાની કામગીરી મયંક ટ્રાવેલ્સએ ખૂબ જ સારી રીતે આપી.




## વ્હાલ જ્ઞાતિ બંધુઓ નમ્રપૂર્વકની વિનંતી

પરિવાર પત્રિકામાં  પ્રકાશિત કરવા માટે કોઈ પણ જ્ઞાતિજનોને જાહેરાત સ્વરૂપે કે સાધર્મિક, શૈક્ષણિક, મેડિકલ સહાયમાં, શુભલગ્નમાં કે સમ્યગ્જ્ઞાન પ્રસાર નિધિ આપના કોઈ પ્રસંગે વગેરેમાં  દાન, ભેટ આપવાની ભાવના હોય કે ધાર્મિક સમાચાર આપવાના હોય કે મંતવ્ય/અભિપ્રાય આપવો હોય તો તેમણે મહેરબાની કરીને પોતાનું નામ, ગામ, સરનામું, મોબાઈલ નંબર આપવો અથવા ઉપરોક્ત બાબતે તેમણે કોઈ સગા-સંબંધી મારફતે મેટર મોકલ્યું હોય તો તેમનું પણ નામ, ગામ, મોબાઈલ નંબર જ્ઞાતિના કાર્યાલયમાં આપવા ખાસ વિનંતી છે.

ઉપરોક્ત મેટર, શક્ય હોય તો દર મહિનાની પંદરમી તારીખ સુધીમાં કાર્યાલયે પહોંચતું કરવું. અધૂરી વિગત માહિતી કે માસની આખર તારીખોમાં મોકલાવેલું મેટર કદાચ. આગામી અંકમાં પ્રકાશિત ન પણ થાય તો તે માટે ક્ષમા કરશો. તે મેટર તે પછીના અંકમાં  યોગ્યતા મુજબ પ્રકાશિત કરવામાં આવશે તેની નોંધ લેવા વિનંતી.

# ॥ સ્મરણમ્ મધુરમ્ ॥



**બાબુલાલ અમથાલાલ શાહ**
દેહ વિલય તા ૦૫-૦૪-૧૯૮૬

**કમળાબેન બાબુલાલ શાહ**
દેહ વિલય તા. ૦૪-૦૨-૨૦૧૨

અનંત ઊપકારી હે માતા- પિતા,

હૈયાના ભાવો અને સેવેલાં શમણાંને ભીતરે ઢબુરી દઈ, હેતભર્યા વહાલપના વેણથી મધુરતાનો આસ્વાદ વેરતાં, ગમતાનો ગુલાલ કરી, ઉત્તમ જીવનમૂલ્યો સિંચનારા એવા આપના પૂણ્યસ્મરણ થકી હૃદયવિણાના તાર ઝણઝણી ઊઠી અમારા રોમે રોમે શાન્તિ અને શાતાની ટાઢકની અનુભૂતિ સતત પડઘાયા કરે છે.

આપના જ સાનિધ્યમાં લાગણીઓની કૂંપળો ફૂટી અને અમારા જીવનબાગમાં વહાલપની વસંત ખીલી ઊઠી. આપના જીવનકાળ દરમિયાન આપે આપના ધર્માચરણ અને દાનપૂણ્યના પ્રભાવથી સુકૃતોનાં મોતીડાં પરોવી અમને પણ ધર્મ, જીવદયા, અનુકંપા તથા સામુદાયિક હિતક્ષેત્રે કંઈક આપવાના સંસ્કારોનું આકંઠપાન કરાવી, અમારી આંતરિક સંપત્તિને વધુ સમૃધ્ધ બનાવવાની પ્રેરણા આપી પૂણ્યાનુબંધી-પૂણ્યનું ભાથું બાંધવા અમને સક્ષમ બનાવ્યાં.

ભર્યાભર્યા પરિવારમાં પણ ક્યારેક એકલતા કાળજૂ કોરી ખાય, જીવનને હલબલી નાખે તેવા ઝંઝાવાતો સામે સંઘર્ષની પળોએ અંધકાર છવાઈ જઇ મન મૂંઝાય ત્યારે અંધકારને ઉલેચવા અગમના ઓવારેથી, શમણાંની પાંખે ઊડી આવી, તેજલીસોટાનો દિવ્યપ્રકાશ પાથરી, હૂંફનો હોંકારો દઈ આત્મસન્માન અને આત્મગૌરવને ઝાંખપ લાગે નહિ તેવા નિર્ભિક આચરણનો બોધ આપી પરોક્ષપણે બળ અને સુરક્ષિતતાની છાયા પાથરી, રક્ષા કવચ બની આજેય આપ અમને સતત સાચવી રહ્યા છો.

આપની પરોક્ષ હૂંફથી અમારા પારિવારિક જીવનમાં સુરક્ષિતતાની એક પ્રકારની અચલ શ્રદ્ધા સતત અનુભવાયા કરે છે.

સર્વથા શ્રેયકર સમાધિસ્થ પૂણ્યશ્લોક પ્રથમ ગુરૂ સમાન હે માતા- પિતા, આપના અનંત ઉપકારોનું સ્મરણ આજેય અશ્રુધારા બની અમારા અંતરને ભીંજવે છે.

આપને કોટિ કોટિ સ્મૃતિ વંદના.

તેજપૂંજના આશીષના અભિલાષી આપનાં વહાલાં બાળુડાં
**જીતેન્દ્રકુમાર બાબુલાલ શાહ**
**સૌ. હંસા જીતેન્દ્રકુમાર શાહ**
**ચિ. હાર્દિક જીતેન્દ્રકુમાર શાહ**
**ચિ. મોના, બીના, હેતલ, સપના, હિના.**
**(બોરીયાવી) મહેસાણા**





## સ્વ. શ્રીમતી રંજનબેન મહેન્દ્રભાઈ શાહ (દેલોલી-રાજકોટ)

જન્મ તા.: ૦૧-૦૬-૧૯૫૫ ● સ્વ.તા.: ૧૪-૦૩-૨૦૨૦

આંખો હજુ નિહાળે છે તમને... અંતર હજી પોકારે છે તમને
સ્મરણ થાય છે ત્યારે મન મુકી રડાવે છે અમને
મન હજુ માનતું નથી કે તમે અમારા વચ્ચે નથી
કુટુંબના મોભી એવા આપ સદાયે અમારા હૈયે રહેશો.


**પ્રભુ આપના આત્માને શાંતિ આપે એવી પ્રાર્થના**

ભાઈલાલભાઈ નટવરલાલ ગાંધી
જયાબેન ભાઈલાલભાઈ ગાંધી
સંદીપ ભાઈલાલભાઈ ગાંધી
નિમા સંદીપ ગાંધી
મૈત્રી - દિયા
(સમોડા-અમદાવાદ)

અલ્પેશ ભાઈલાલભાઈ ગાંધી
ફાલ્ગુની અલ્પેશ ગાંધી
કુશ અલ્પેશ ગાંધી
કાવ્ય અલ્પેશ ગાંધી
(સમોડા-અમદાવાદ)

જયદીપ મહેન્દ્રભાઈ શાહ
જીગલ જયદીપ શાહ
વૈભવ જયદીપ શાહ
દિવ્ય જયદીપ શાહ
(દેલોલી-રાજકોટ)

A-5, વ્રજ એપાર્ટમેન્ટ, ગુલબાઈ ટેકરા, આંબાવાડી, અમદાવાદ-૬. M.: ૯૩૭૭૭ ૦૨૦૧૦



## સ્વ. શ્રી સંજયકુમાર ચીનુભાઈ શાહ

(બોરીયાવી – હાલ:અમદાવાદ)

જન્મ તા.૧૩-૧૦-૧૯૭૧, બુધવાર ● સ્વ.તા.૦૮-૦૩-૨૦૨૫, શનિવાર

સમય જીંદગીનો ઓછો હશે... ક્યાં ખબર હતી,
વિદાય તમારી અણધારી હશે... ક્યાં ખબર હતી,
જ્યાં કુદરત રૂઠી... કોને ફરિયાદ કરવી,
નાની શી જીંદગી હતી પણ મોટી માયા લગાડી ગયા.
પ્રભુ તમારા દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના

મોનાબેન સંજયકુમાર શાહ
આગમ સંજયકુમાર શાહ
જૈની દેવમકુમાર પરીખ
(બોરીયાવી)

મુકેશકુમાર ચીનુભાઈ શાહ
પીનલબેન મુકેશકુમાર શાહ
વત્સલ મુકેશકુમાર શાહ
શ્રેયા ધ્રુવકુમાર શાહ
(બોરીયાવી)

અલ્પેશકુમાર સુમતીલાલ શાહ
અનિતાબેન અલ્પેશકુમાર શાહ
ખુશ અલ્પેશકુમાર શાહ
હેત્વી અલ્પેશકુમાર શાહ
રિધ્ધી સોહમકુમાર શાહ
(બોકરવાડા)

**સ્વ. શ્રીમતી જસુમતીબેન ચીનુભાઈ મનુભાઈ શાહ પરિવાર**

# અવસાન-શ્રધ્ધાંજલિ



**વિમળાબેન મંગળદાસ શાહ**
ગામ : મોટપ
હાલ : પુના
સ્વ. તા.૦૧-૦૩-૨૦૨૫, શનિવાર



**અશોકભાઈ રતિલાલ શાહ**
ગામ : બોકરવાડા
હાલ : અમદાવાદ
સ્વ. તા.૦૧-૦૩-૨૦૨૫, શનિવાર



**દિલીપકુમાર અંબાલાલ શાહ**
ગામ : ઉનાવા
હાલ : અમદાવાદ
સ્વ. તા.૦૬-૦૩-૨૦૨૫, ગુરુવાર



**સંજયકુમાર ચીનુભાઈ શાહ**
ગામ : બોરીઆવી
હાલ : અમદાવાદ
સ્વ. તા.૦૮-૦૩-૨૦૨૫, શનિવાર



**વિરલભાઈ છોટાલાલ શાહ**
ગામ : ઉનાવા
હાલ : કેનેડા
સ્વ. તા.૧૪-૦૩-૨૦૨૫, શુક્રવાર



**હરેશભાઈ સેવંતીલાલ શાહ**
ગામ : ખરોડ
હાલ : મલાડ, મુંબઈ
સ્વ. તા.૧૪-૦૩-૨૦૨૫, શુક્રવાર



**દેવેન્દ્રભાઈ નરોત્તમભાઈ શાહ**
ગામ : ખરોડ
હાલ : વાંકલ
સ્વ. તા.૨૪-૦૩-૨૦૨૫, સોમવાર

**આ દિવંગત આત્માઓને પ્રભુ શાંતિ આપે તેવી પ્રાર્થના**

# જીંદગી એક ખેલ છે.

## જીવન બાવન પત્તાની એક રમત છે.

ખરેખર જીવન બીજુ કંઈજ નથી બાવન પત્તાની રમત જ છે. એક્કો, દૂરી, ગુલામ, બાદશાહ, ભાગ્ય તણી સૌગાદ છે. ચાહે ગુજારો રોઈ રોઈને ચાહે નીભાવો હસી હસીને સુખને ગોખો દુ:ખને ભુલો, બધુ તમારે હાથ છે. એમ કહો નહિ કે નબળા પત્તા મળ્યા છે અમારે ભાગ્યમાં, કળા શીખી લો રમવાની તો જીત તમારી સાથે જ છે, આમ જુઓ તો હારજીત એ તો જાણે શીત અને તાપ છે. ખરૂં પૂછો તો બેઉ જરૂરી છે. આ તો દિવસ અને રાત છે. જીવનના આ ખેલનો મોકો આપણને પહેલી અને છેલ્લી વાર મળ્યો છે. આપણા સંતોએ આ વાતને ખૂબ જ ભાર પૂર્વક કહ્યું છે.

'બહુ પૂણ્ય કેરા પૂંજથી શુભ માનવનો અવતાર મળ્યો છે, નહીં તો ઐસા જનમ બાર બાર તેને જો સાવ વ્યર્થ બાબતમાં વેડફી નાખીશું તો ફરીથી આ લાખેણી ક્ષણ માણવાની નથી. એ માટે જીવનની મહામુલી ક્ષણનો શક્ય હોય તેટલો વધુમાં વધુ સદુપયોગ કરી લેવાનો છે.'

જીવનના ખેલનો સૌથી મહત્વપૂર્ણ નિયમ એવો છે કે એમાં આપણે સુખી નહિ જ થઈએ. કોઈને શાંતિ આપીશું તો આપણને શાંતિ મળવાની જ છે. જીવનનો ખેલ અજબ-ગજબનો છે. એમાં આપણે જે કંઈ આપીએ છીએ તે બુમરેંગની માફક સામે અથડાઈને આપણી તરફ જ પાછું ફરતું હોય છે. તેથી કરીને આ ખેલને ખૂબ જ સાવધાની પૂર્વક રમવાની જરૂર છે. પ્રત્યેક ક્ષણે ખૂબ જ જાગૃત અને સચેત રહેવાનો આ ખેલ છે.

એમાં જો સ્હેજ પણ ગાફેલ રહો તો એનું પરિણામ આપણે જ ભોગવવાનું છે. જીવનની આ રમતની વિશેષતા એ છે કે એમાં ખેલ, ખેલાડી, નિર્ણય કરનાર અને અમ્પાયર બધુ જ આપણે છીએ. એટલે આપણી જવાબદારી ખૂબ જ વધી જાય છે. આ રમતમાં ક્યારેક 'નો બોલ' કે 'વાઈડ બોલ' પણ નખાઈ જાય કે પછી 'એલ.બી.ડબલ્યુ.' પણ થઈ જાય. ત્યારે એક સાચા અને નિર્ભય અમ્પાયર તરીકેની ભુમિકામાં આપણે જ પોતાની ભૂલ સ્વીકારી લેતા શીખવું જ પડશે. જીવનના આ ખેલમાં સમય, સંજોગ અને પરિસ્થિતી તો હંમેશા બદલાતા જ રહેવાના છે. સુખ પછી દુ:ખ અને સુખ. આ ચક્ર તો હંમેશા ચાલતું જ રહેવાનું. આ બધાની વચ્ચે ગમે તેવી પ્રતિકુળ પરિસ્થિતી હોય તેના સ્હેજ પણ ગભરાયા વિના સહર્ષ સ્વીકાર કરતા શીખી લઈશું તો આપણી જીત નિશ્ચિત છે જ. જીંદગીના કેટલાક રમણીય સ્વરૂપો આપણને આનંદની સફર તરફ લઈ જતા હોય છે. તો ક્યારેક રૌદ્ર અને ભયંકર સ્વરૂપો આપણને રોલર - કોસ્ટરની માફક ઉપર-નીચે પણ કરી દેતા હોય છે. પરંતુ તેનાથી ડરીને, કે ગભરાઈને ખેલને અધવચ્ચેથી છોડી દેવાનો નથી. આ સંદર્ભમાં મને 'Dont Fier' નામની સુંદર કવિતાનું સ્મરણ થઈ થઈ આવે છે. જેનો સારાંશ છે કે જીંદગીની ગમે તેવી વિકટ લાગતી પ્રતિકુળ પરિસ્થિતીમાં પણ આપે મેદાન છોડીને ભાગવું નહિ. કારણ કે આ બધાને અંતે તો વિજય આપણો જ છે. તે નક્કી જ છે. પણ કઈ રીતે? તો એમ કહેવાયું છે કે 'We all are Victory Oriented' અર્થાત વિજયી બનવું એ આપણો જન્મસિધ્ધ હક છે. તો પછી શા માટે હારીને બેસી જવું જોઈએ? આપણી મોટામાં મોટી ભુલ એ છે કે આપણે નિરાશ થઈને અધવચ્ચેથી જ આ રમત છોડીને ભાગીએ છીએ પરિણામે વિજયોત્સવ વિનાનો આ ખેલ સાવ નીરસ અને ફિક્કો રહે છે. તો પછી શું કરવું? બીજું કંઈ કરવાની જરૂર નથી. રમતમાં તો ક્યારેક નિષ્ફળતા મળે તો તેને પણ ખેલદિલી પૂર્વક સ્પોર્ટમેન સ્પીરિટ સાથે સ્વીકારીને આગળ વધતા રહેવું. એમાં અંતે આપણો જ વિજય નિશ્ચિત છે. તો ચાલો જીવનના આ ખેલમાં આપણે મન મૂકીને હસતા રહીએ અને ખેલદિલી પૂર્વક રમતા રહીએ અને જીવનના વિજયોત્સવની ક્ષણોને પ્રેમપૂર્વક વધાવતાં રહીએ.

સૌને સહર્ષ જીતની શુભેચ્છા

– નવ્ય ઉજાસ



# સ્વ.રમેશભાઈ મણીલાલ શાહ (મોઢેરાવાળા)

સ્વ.તા.૨૭-૦૨-૨૦૨૫

જીવન એવું જીવી ગયા કે જોનારા જોયા કરે,
તમે હંમેશા જીવંત છો, તમોએ આપેલા વડલાની શીતળ છાયા સમા સંસ્કારો,
સ્નેહ, સમર્પણ, સંઘર્ષ અને સકારાત્મક જીવનશૈલી અમારા માટે આદર્શ રૂપ છે.
તમારા મજબૂત વિચારો એ અમોને આફતો અને સંઘર્ષ સામે લડવાનું બળ પુરૂ પાડેલ છે.
પરમ કૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.....

મૌલિક જયેન્દ્રકુમાર શાહ
કોમલ મૌલિક શાહ
સૃષ્ટિ મૌલિક શાહ
નૈગમ જયેન્દ્રકુમાર શાહ
ડિમ્પલ નૈગમ શાહ
આરૂષ નૈગમ શાહ
(મણુંદ - અમદાવાદ)

શર્મિષ્ટાબેન જયેન્દ્રકુમાર શાહ
સ્વ.જયેન્દ્રકુમાર ઉત્તમલાલ શાહ
(મણુંદ - અમદાવાદ)
ગીતાબેન નયનકુમાર શાહ
નયનકુમાર ચીમનલાલ શાહ
(મણુંદ - અમદાવાદ)
સ્વ.ઈલાબેન રજનીકાન્ત શાહ
રજનીકાન્ત રમણલાલ શાહ
(વાલવોડ - અમદાવાદ)

અંકિત રજનીકાન્ત શાહ
હેતાલી અંકિત શાહ
જીનાંશી અંકિત શાહ
એશા નિતીનકુમાર શાહ
નિતીનકુમાર રમેશચંદ્ર શાહ
સૌમ્ય નિતીનકુમાર શાહ
જીનાંશ નિતીનકુમાર શાહ
(વાલવોડ - અમદાવાદ)

RNI No. GUJGUJ/2003/11307. • Published on 1st date of Every Month. Registered under Postal Registration No. GAMC-1401/2024-2026 valid up to 31st December 2026. Issued by SSPO's Ahmedabad City Fivision, permitted to post at Ahmedabad PSO on 1st date of Every Month. License to post without prepayment No. PMG/NG/102/2024-2026 valid up to 31/12/2026.



શ્રધ્ધાંજલિ શોકાંજલિ ભાવાંજલિ



## સ્વ. રમેશભાઈ મણીલાલ શાહ (મોઢેરાવાળા)

સ્વ.તા.૨૭-૦૨-૨૦૨૫

જીવન એવું જીવી ગયા કે જોનારા જોયા કરે,
કર્મ એવા કર્યા કે સૌના હ્રદયમાં ગુંજ્યા કરે,
દુઃખથી કદી ડર્યા નહીં, સુખથી કદી છલકાયા નહીં,
સૌના હ્રદયમાં વસતા રહ્યાં.
આપ અમારા હ્રદયમાં વાસ કરશો તેવી પ્રાર્થના

**સ્વ. ઉષાબેન રમેશભાઈ શાહ**

વૈશાલીબેન રમેશભાઈ શાહ
રૂપલબેન રમેશભાઈ શાહ
આલાપભાઈ રમેશભાઈ શાહ

**સ્વ. રમેશભાઈ મણીલાલ શાહ પરિવાર**

નિવાસ સ્થાન : ડી/૨૮, અનન્ય બંગ્લોઝ, આનંદવાડી બસ સ્ટેન્ડ, ઈસનપુર, અમદાવાદ. મો.: ૯૪૨૬૩૬૦૬૩૧

परिवार पत्रिका
PARIVAR PATRIKA (Gujarati Monthly) (ગુજરાતી માસિક)

Printed and Published by BAKUBHAI CHHAGANLAL GANDHI on behalf of
SHRI MEHSANA PRANT JAIN DASHA SHRIMALI GNYATI MANDAL
Office Time : 10-30 to 6-30 (Monday Close) • Phone : 26602375 • Email : mahesana_jainprant@yahoo.com • www.47dashashreemali.in
Printed at Jagadish Offset, Ahmedabad and published from SHRI MAHESANA PRANT JAIN DASHA SHRIMALI GNYATI MANDAL,
Dipti Advertisers, 3rd Floor, P K House, B/h. M. J. Library, Ellisbridge, Ahmedabad-6. Editor - BAKUBHAI CHHAGANLAL GANDHI